બોલ માડી અંબે.. જય જય અંબે..ના જયઘોષથી અંબાજી ગાજી ઉઠ્યું

ભાદરવી પૂનમના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યું

અનંત ચૌદશે શ્રદ્ધાનો સાગર છલકાયો : માઈભક્તોએ જગદંબાના દર્શનનો લ્હાવો લીધો

અંબાજી, તા.૯

માતા શક્તિના હૃદય સ્થાન સમાં યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના છ દિવસીય મહામેળાના પાંચમા દિવસની અનંત ચૌદશે અંબાજીમાં શ્રધાનો સાગર ઉમટી પડ્યો હતો. અનંત ચૌદશના દિવસે લાખો શ્રધ્ધાળુઓ માતાજીના દર્શન માટે ઉમટી પડતા મંદિરનો ગર્ભગૃહ માઈભક્તોના ગગનભેદી જયઘોષ સાથે ગુંજી ઉઠ્યો હતો. અનેક માઈભક્તોએ હંસ પર સવાર માં જગદંબાના દર્શનનો લ્હાવો લીધો હતો અને નવદુર્ગાને નવલા નોરતામા પધારવા રૂડુ આમંત્રણ પાઠવ્યું હતું. દુરદુરથી આવેલા અનેક સંઘોએ લાવેલ લાલ ધજાઓ માતાજીના સુવર્ણ શિખર પર ચડાવવામાં આવી હતી. સમગ્ર અંબાજી શહેર 'બોલ માંડી અંબે જયજય અંબે'ના નાદ થી ગુંજી રહ્યું હતું. ગુજરાતનું એક માત્ર સુવર્ણ મંદિર ધરાવતા આરાસુર ધામમા માં અંબાના જગ વિખ્યાત ભાદરવી પૂનમનો મહામેળો રંગેચંગે યોજાઈ રહ્યો છે. માં શક્તિની ભક્તિના અનેરા સંગમમાં માતાજીના દર્શન અને આશીર્વાદ મેળવવા માટે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યો માંથી લાખો માઈભક્તો કઠીન પદયાત્રા કરી માં અંબાના ધામ આરાસુરમાં ઉમટી પડયા હતા. આથી અનંત ચૌદશે અંબાજી ધામ શ્રદ્ધાળુઓથી છલકાય ઉઠ્યું હતું. સેંકડો કિલોમીટરની પદયાત્રા કરીને અંબાજી પહોંચેલા માઈભક્તોએ અદમ્ય ઉત્સાહ સાથે માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જોકે ભાદરવી પૂનમનો મેળો અંતિમ ચરણમાં હોઈ અનંતચૌદશે અનેક ભક્તોએ આંખે પાટા બાંધીને તેમજ દંડવત પ્રણામ કરી માતાજીના ગર્ભ ગૃહમાં 'જય અંબે'ના નાદ સાથે પોતાની માનતા આખડીઓ પૂર્ણ કરી હતી. અનેક સંઘો, માંડવીઓના માઈ ભક્તો દ્વારા માતાજીને નવરાત્રી માં પોતાની માંડવીઓ પર પધારવા માટેનું માં ને રૂડું આમંત્રણ આપવામાં આવ્યું હતું સુરતથી પદયાત્રા કરીને આવેલ નવીનભાઈએ જણાવ્યું હતું કે, યાત્રાધામ અંબાજીમાં માતાજીના મંદિરમાં પ્રવેશ કરતાની સાથે જ એક અલગ જ પ્રકારની શક્તિનો સંચાર થાય છે અને શરીરમાંથી થાક દૂર થવાની સાથે નવી સ્ફુર્તિનો સંચાર થઈ રહ્યો છે. અંબાજીમાં ૫ સપ્ટેબર ૨૦૨૨થી ભાદરવી પૂનમના છ દિવસીય મહામેળા નો રંગેચંગે પ્રારંભ કરાયો હતો. આ મેળામાં લાખો પદયાત્રીઓ તેમજ સેંકડો શ્રધ્ધાળુઓએ માતાજીના અવસરમાં ઉમટી પડીને જગદંબાના દર્શન કર્યા હતા. કાલે ૧૦ સપ્ટેબરને શનિવારના રોજ આ મહામેળાની પૂર્ણાહુતિ કરાશે.

અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં મોટાભાગના લોકો પગપાળા આવતા હોય છે. આ યાત્રીઓને પરત પોતાના ગામ જવા એસટી બસનો સહારો લેવો પડતો હોય છે. ભાદરવી પૂનમના મેળામા અંબાજી ખાતે ત્રણ જગ્યાએ એસટી સ્ટેન્ડ શરૂ કરાયા છે. ત્યાં બસ મારફતે પરત ફરતા લોકોની બસો પકડવા માટે લાંબી કતારો જામેલી જોવા મળી હતી. મંદિર પરિસરમાં આવતા યાત્રિકોને મંદિર ટ્રસ્ટ તરફથી લીંબુ સરબત આપવામાં આવતો હતો. મંદિરમાં આવતા યાત્રિકોનો થાક દૂર થતો જોવા મળ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી વિવિધ વ્યવસ્થાઓ માટે તેની સરાહના કરી હતી.

ભાજપે રાજ્યોના નવા પ્રભારી નિયુક્ત કર્યા

પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી પંજાબના પ્રભારી નિમાયા

ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને અત્યારથી તૈયારીઓ હાથ ધરી

ગાંધીનગર,તા.૯

આજે વિવિધ રાજ્યના ભાજપ પ્રભારીઓની જાહેરાત કરવામાં આવી છે જેમાં પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીને પંજાબ અને ચંદીગઢના પણ પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. બિહાર પ્રભારી વિનોદ તાવડેને પ્રભારી, જ્યારે હરીશ દ્વિવેદીને સહપ્રભારી બનાવ્યા છે. ઓમ માથુર છત્તીસગઢના પ્રભારી બનાવ્યા છે. નિતિન નવીન સહ પ્રભારી બનાવ્યા છે. હરિયાણાના પ્રભારી વિપ્લવ દેવ, ઝારખંડના લક્ષ્મીકાંત બાજપેઈ, કેરલના પ્રકાશ જાવડેકર, મધ્ય પ્રદેશના મુરલીધર રાવ, પંજાબના વિજય રુપાણી, તેલંગણાના તરુણ ચુગ, રાજસ્થાનના અરુણ સિંહ, ત્રિપુરાના મહેશ શર્મા અને પશ્ચિમ બંગાળના મંગલ પાંડે પ્રભારી બનાવ્યા છે. તો વળી સમગ્ર ઉત્તર પૂર્વ રાજ્યોના સંયોજક સંબિત પાત્રાને બનાવ્યા છે.ગત ૨૭ ઓગસ્ટના રોજ વિજય રૂપાણી શ્રાવણ મહિનાના અંતિમ દિવસે સોમનાથ મહાદેવના દર્શન કરવા ગયા હતા એ દરમ્યાન તેઓએ ગુજરાતમાં ચૂંટણી લડવા અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'પાર્ટી જો ટિકિટ આપશે, તો ચૂંટણી લડીશ.'અમે કોઈ પદ માટે કામ કરતા નથી. કોઈ ટિકિટો માટે કામ કરતા નથી. એક સ્વપ્ન છે કે ભારતમાતા શક્તિશાળી ભારતમાતા બને. પરમવૈભવના શિખર પર ભારત પહોંચે એ માટે એક સ્વપ્નથી કામ કરીએ છીએ.



દિવાળીના તહેવારોને આડે હવે દોઢ મહિનો બાકી

દિવાળીમાં આ વખતે પણ ધોકો ૨૬મી ઓક્ટોબરે નવું વર્ષ

૨૧મી ઓક્ટોબરે અગિયારસની સાથે વાઘબારસ પણ છે એટલે કે એક જ દિવસે બે તિથિ આવી જાય છે

અમદાવાદ, તા.૯

દિવાળીના તહેવારોને આડે હવે દોઢ મહિના જેટલો સમય બાકી રહ્યો છે. હિન્દુઓના સૌથી મોટા તહેવાર ગણાતા દિવાળીમાં આ વખતે પણ 'ધોકા'ની મહોંકાણ સર્જાઈ છે. ધોકો એટલે કે પડતર દિવસ, જે આ વખતે પણ દિવાળી અને નૂતન વર્ષની વચ્ચે આવશે. એટલે આ વખતે પણ દિવાળી પર્વ મનાવ્યા પછીના દિવસે લોકો એકબીજાને સાલ મુબારક નહીં કહી શકે. જ્યોતિષ શાસ્ત્રીઓના કહેવા અનુસાર, ૨૪ ઓક્ટોબરે દિવાળી છે. દિવાળીના બીજા જ દિવસે એટલે કે ૨૫ ઓક્ટોબરે ખગ્રાસ સૂર્યગ્રહણ અને એકમનો ક્ષય હોવાથી ધોકો રહેશે. એટલે કે બેસતું વર્ષ ૨૬ ઓક્ટોબરના રોજ ઉજવાશે.

દિવાળીના તહેવારો આસો વદ એકાદશી સાથે શરૂ થશે. ૨૧ ઓક્ટોબરે અગિયારસની સાથે વાઘબારસ પણ છે. એટલે કે એક જ દિવસે બે તિથિ આવી જાય છે. ૨૨ ઓક્ટોબરે ધનતેરસે લક્ષ્મી-ધન્વંતરી પૂજન કરવામાં આવશે. ૨૩ ઓક્ટોબરે કાળી ચૌદશ અને ૨૪ ઓક્ટોબરે દિવાળી છે. આ પહેલા ૧૯ ઓક્ટોબરે ખરીદી માટેનું પુષ્ય નક્ષત્ર છે. દિવાળી અને બેસતા વર્ષ બાદ લાભપાંચમની તિથિ ધંધા-વ્યવસાયના મુહૂર્ત માટે મહત્વની હોય છે. દિવાળીના તહેવારોની રજા બાદ પરંપરાગત રીતે ધંધાના શ્રીગણેશ લાભપાંચમથી થાય છે. જોકે, કેટલાક વેપારીઓ એકમ એટલે કે બેસતા વર્ષે પણ મુહૂર્ત કરતા હોય છે.

જોકે, ચાલુ વર્ષે ૨૮ ઓક્ટોબરે સવારે ૧૦.૩૫થી ૨૯ ઓક્ટોબરના સવારે ૮.૧૪ કલાક સુધી ચોથ છે એટલે કે લાભપાંચનો ક્ષય છે. પરંતુ જ્યોતિષીઓના કહેવા અનુસાર, ૨૯ તારીખે સૂર્યોદયના દોઢેક કલાક બાદ લાભપાંચમ શરૂ થઈ જશે અને ૩૦ ઓક્ટોબરે પરોઢિયે ૫.૫૧ કલાક સુધી ચાલશે.

૧૦ સપ્ટેમ્બરથી શ્રાદ્ધ શરૂ થઈ રહ્યા છે. જે ૨૫ સપ્ટેમ્બરે પૂર્ણ થશે. ૨૬ સપ્ટેમ્બરથી નવલા નોરતાની શરૂઆત થઈ જશે. આ વર્ષે નવરાત્રી દરમિયાન એકપણ તિથિનો ક્ષય નથી માટે માતાજીની ભક્તિ કરવા આખેઆખી નવ રાત મળશે. ૨૬ સપ્ટેમ્બરથી શરૂ થતી નવરાત્રી ૪ ઓક્ટોબર સુધી ચાલશે. ૫ ઓક્ટોબરે દશેરા ઉજવવામાં આવશે. જ્યારે ૯ ઓક્ટોબરે શરદ પૂર્ણિમા છે.

ગૃહ રાજ્યમંત્રી સાથે કિસાન સંઘની બેઠક

ચર્ચા બાદ બે દિવસમાં કોર કમિટીમાં મુદ્દો મુકાશે:સંઘવી

૨૦ દિવસમાં નિરાકરણ લાવવાનું આશ્વાસન

સુરતમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે ભારતીય કિસાન સંઘ-સુરતના આગેવાનોએ બેઠક યોજી હતી. જેમાં ખેડૂતોના પ્રશ્નોના ઉકેલની ખાતરી અપાઈ છે. પોતાની માંગણીઓના ઉકેલની માંગ સાથે ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ કેટલાય સમયથી આંદોલન સહીતના વિરોધનાત્મક કાર્યક્રમો ચાલી રહ્યા છે. કિસાન સંઘના આગેવાનો અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વચ્ચેની બેઠકમાં સકારાત્મક દિશામાં ચર્ચા થઈ હોવાની કિસાન સંઘના આગેવાનોએ સૂર પુરવ્યો હતો. મોટા ભાગની માંગણીઓનું નિરાકરણ લાવવાનું આશ્વાસન અપાયું હોવાનો ખેડૂત આગેવાનોએ દાવો કર્યો હતો. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના પ્રશ્નોને લઈને પ્રદેશ લેવલ પર ઉંડાણ પૂર્વક ચર્ચા ચાલી રહી છે અને બે દિવસ અંદર કોર કમિટીની બેઠકમાં ચર્ચા કરાયા બાદ ૨૦ દિવસમાં નિરાકરણ લાવવાનું આશ્વાસન અપાયું છે. વધુમાં વિચાર માંગી લે તેવા પ્રશ્નો માટે થોડા સમયની માંગ કરાઈ છે. મીટર-હોર્સ પાવર સમાન વીજદર કરવો, મીટર આધારીત બોરવેલનું વીજ બીલ દર બે મહીને બીલીગ કરવું, બાકી રહેતા મીટર ટેરીફમાં ફિક્સ ચાર્જમાં રાહત બોરવેલ પર જો વીજ મીટર બળી જાય તો તેની જવાબદારી વીજ કંપનીની રહેશે, વધુમાં કિસાન સૂર્યોદય યોજના સમગ્ર રાજ્યમાં તાત્કાલિક અમલ કરવો, પશુપાલકોના તાબેલા પર વીજ કનેકશન કોમર્શીયલ ભાવ ન ગણાતા રાહત દરે વીજળી આપવી, ખેતીવાડીમાં ૬૫૭ પરિપત્ર મુજબ જે ખેડૂતોએ લોડ વધારો કરેલ છે જે ૧૦૦ કિલો વોટથી ઉપર છે તેવા ખેડૂતોને ૨૦૦નું ટીસી ખેતીવાડી ભાવે મંજુર કરવું,જમીન રિ સર્વે રદ કરવો અથવા ખેડૂતોના જમીન માપણીના વિવાદ ઝડપથી ઉકેલ લાવવો સહીત ૨૦થી વધુ માંગ કરવામાં આવી રહી છે.

સાયન્સ સિટી ખાતે બે દિવસીય "સેન્ટર સ્ટેટ સાયન્સ એન્ડ ટેક્નોલોજી મિનિસ્ટર્સ કોન્કલેવ"

૨૮ રાજ્યોના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીઓ, ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રશાસકો ઉપરાંત ૨૫૦ થી વધુ ડેલીગેટ્સ પણ જોડાશે

ગાંધીનગર, તા. ૦૯

ટેક્નોલોજીના યુગમાં દેશના યુવાનોને વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રમાં જરૂરી પ્લેટફોર્મ પૂરૂ પાડવા ઉપરાંત દેશમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રનાં પડકારો-રાજ્યોની જરૂરિયાતો અને રાજ્યોમાં એસટીઆઈ (સાયન્સ ટેક્નોલિજી એન્ડ ઈનોવેશન) માટેના વિઝનને પહોંચી વળવાના ખાસ ઉદ્દેશ્ય સાથે ગુજરાતમાં સાયન્સ સિટી, અમદાવાદ ખાતે બે દિવસીય "સેન્ટર સ્ટેટ સાયન્સ એન્ડ ટેક્નોલોજી મિનિસ્ટર્સ કોન્કલેવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતી કાલે તા.૧૦મી સપ્ટેમ્બરે સવારે ૧૦.૩૦ કલાકે વર્ચ્યુઅલી આ બે દિવસીય કોન્કલેવનું ઉદ્ઘાટન કરશે.

વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના મંત્રી જીતુ વાઘાણીએ આ કોક્લેવની માહિતી આપતા જણાવ્યુ છે કે, ભારત સરકાર અને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા આગામી તા.૧૦ અને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે બે દિવસીય કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યુ છે. એસટીઆઈ વિઝન ૨૦૪૭ સાથે પ્રથમ વખત યોજાઈ રહેલી આ કોક્લેવ અંતર્ગત "અનુસંધાન સે સમાધાન"ની ટેગ લાઈન સાથે વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સંબંધિત નવી ટેક્નોલોજી અને "જીવનની સરળતા"પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તા.૧૧ સપ્ટેમ્બરે કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આ કોન્કલેવના સમાપન સમારોહમાં હાજરી આપશે. સમગ્ર કોક્લેવમાં કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહની અધ્યક્ષતામાં ઉદ્ઘાટન સત્ર, લીડરશિપ સત્ર અને ૯ પ્લેનેરી સત્રો યોજાશે. ઉપરાંત કોક્લેવમાં તમામ ૨૮ રાજ્યોના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીઓ, ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રશાસકો હાજરી આપશે. એટલુ જ નહિ, ૨૫૦ થી વધુ ડેલીગેટ્સ આ કોક્લેવમાં જોડાશે. આ તમામ કાર્યક્રમ સાયન્સ સિટી, વિજ્ઞાન ભવન ખાતે યોજાશે.

ઓનલાઈન કે ડિસ્ટન્સ લર્નિંગથી મળેલી ડીગ્રી યુનિ. સમકક્ષ ગણાશે

નવી દિલ્હી, તા.૯

દેશમાં ઉચ્ચ શિક્ષણ અંગે માન્યતા અને નિયમો બનાવતી યુનિવર્સીટી ગ્રાન્ટ્સ કમીશન (યુજીસી) દ્વારા આજે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય અનુસાર કોઈપણ વિદ્યાર્થીએ માન્ય શૈક્ષણિક સંસ્થા દ્વારા ઓનલાઈન લર્નિંગ કે ડિસ્ટન્સ લર્નિંગમાં અભ્યાસ કર્યો હશે તો તેની ડીગ્રી પણ યુનિવર્સીટી સંચાલિત કોલેજની સમકક્ષ ગણવામાં આવશે.

આ અંગે યુજીસીના સેક્રેટરી રજનીશ જૈને જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ના યુજીસીના જાહેરનામાં અનુસાર જો કોઈએ ડિસ્ટન્સ લર્નિંગ કે ઓનલાઈન કોર્સ થકી માન્ય શૈક્ષણિક સંસ્થા પાસેથી ડીગ્રી કે પોસ્ટ ગ્રેજયુએશન ડીપ્લોમાં મેળવ્યો હશે તો તે પરંપરાગત શિક્ષણથી મેળવેલી ડીગ્રી સાથે સમકક્ષ ગણવામાં આવશે.

નવા રસ્તાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીત તાર ફેન્સીંગ સહીતની જરૂરી કામગીરી રસ્તાઓ ખોલવાની પ્રક્રીયા દરમિયાન જ પુર્ણ કરી દેવામાં આવી છે. જેથી તેના આયોજનમાં પણ સરળતા રહે. નવા માર્ગોના નિર્માણ માટે અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે જયારે આ માટે ગુડા કક્ષાએથી વિવિધ બે એજન્સીને કામ સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નવા માર્ગોના નિર્માણ માટે ખોદકામના અંતે મેટલ પાથરવા સહીત ડામર કાર્પેટનુ કામ હાથ ધરવામાં આવશે. જયારે આ નવા માર્ગોના નિર્માણ અન્વયે પેથાપુરમાં મુખ્યમાર્ગને અનુલક્ષીને લાંબા સમયના અંતે સર્વિસ રોડ બનાવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. પેથાપુરમાં માર્ગો ખુલ્લા કરવા માટે થોડા સમય અગાઉ જ તંત્ર દ્વારા દબાણો પણ દુર કરાયા હતા. જયારે હવે સર્વિસ રોડના નિર્માણ બાદ વાહનવ્યવહાર સરળ અને સલામત બનશે. આ યોજના અન્વયે અંદાજિત ૧૨ ગામોને મુખ્યમાર્ગો સાથે જોડતા નવા રસ્તાઓ મળતા ટ્રાફિકની અવરજવર વધુ ઝડપી બનશે જયારે માર્ગ સલામતી પણ મજબુત બનશે. હાલ ગુડા દ્વારા વરસાદી દિવસોમાં ધોવાણ થયેલા માર્ગોને અનુલક્ષીને ઠેર ઠેર સમારકામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં હાલ અનેક ઠેકાણે માર્ગોની હાલત અત્યંત ખરાબ છે જેને ધ્યાનમાં રાખી ગુડાએ માર્ગો પર ખાડા ટેકરા નિવારવા માટે કામ હાથ ધર્યુ છે.

એચ.પી. સેન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધી રહ્યા છે. જો કે આ માટેના ટેસ્ટીંગની કામગીરી સિવિલમાં નહિ થતી હોવાની વાતો લોકજીભે ચર્ચાનો મુદ્દો બની છે. શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે નોંધાયેલા બન્ને કેસમાં દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે સે. ૧૨માં ૨૨ વર્ષીય વિદ્યાર્થીની અને ૧૨ વર્ષનું બાળક કોટેશ્વરમાં સ્વાઈન ફ્લુમાં સપડાયુ છે. તંત્રના સૂત્રોએ બન્ને દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું જણાવ્યુ છે.

શહેર-જિલ્લામાં અદ્યતન સુવિધા ધરાવતી હોસ્પિટલ જ સ્વાઈન ફ્લુ માટે એ.પી. સેન્ટર બનતાં શહેરમાં પણ તરેહ તરેહની ચર્ચાઓ શરૂ થઈ છે.

ટાઉનહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જેના પરિણામે ટાઉનહોલના રીનોવેશનની યોજના હવે ઓકટોબર મહીનાના અંત સુધીમાં પુર્ણ થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી ટાઉનહોલ બંધ હોવાના લીધે નગરની કલા સંસ્થાઓ તેમજ કલાકારોને સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન મામલે પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જયારે હવે ટુંકમાં જ ટાઉનહોલ તૈયાર થઈ જતા કલાપ્રેમીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવશે જેમની શિપમેન્ટ આ આદેશ પહેલા જહાજો પર લોડ થઈ છે. સરકારે ગઈકાલે જ ઉસના ચોખા સિવાય તમામ નોન-બાસમતી ચોખા પર ૨૦ ટકા નિકાસ જકાત લાદી હતી. વર્તમાન ખરીફ સિઝનમાં ડાંગરના પાક હેઠળના વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ સ્થિતિમાં ઘરેલુ પુરવઠો વધારવા માટે સરકારે નિકાસને કાબૂમાં લેવાનો નિર્ણય કર્યો છે. રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા ગુરુવારે જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ ચોખા અને બ્રાઉન રાઈસ પર ૨૦ ટકા નિકાસ ડ્યૂટી લાદવામાં આવી છે. આ નિકાસ ડ્યુટી ૯ સપ્ટેમ્બરથી લાગુ થશે. દેશના કેટલાક રાજ્યોમાં ઓછા વરસાદને કારણે ડાંગરના વાવેતરમાં ઘટાડો થયો છે. ચીન પછી ભારત ચોખાનું સૌથી મોટું ઉત્પાદક છે. ચોખાના વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો ૪૦ ટકા છે.

૨૦૨૧માં ખરીફ સિઝનમાં ભારતમાં લગભગ ૧૧૧ મેટ્રિક ટન ચોખાનું ઉત્પાદન કર્યું હતું. સેન્ટ્રલ પૂલમાં ૧૬ ઓગસ્ટના રોજ ચોખાનો સ્ટોક લગભગ ૨૬.૩૫ મેટ્રિક ટન હતો.

ભારતે ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષમાં ૨.૧૨ કરોડ ટન ચોખાની નિકાસ કરી હતી. તેમાં ૩૯.૪ લાખ ટન બાસમતી ચોખા હતા. સત્તાવાર માહિતી અનુસાર આ સમયગાળા દરમિયાન નોન-બાસમતી ચોખાની નિકાસ ૬.૧૧ અબજ ડોલરની રહી હતી.

ભારતે ૨૦૨૧-૨૨ દરમિયાન વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં બિન-બાસમતી ચોખાની નિકાસ કરી હતી.

દફનાવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાણી એલિઝાબેથ દ્વિતિયને આપણા સમયના એક દિગ્ગજ તરીકે યાદ રાખવામાં આવશે. તેમણે પોતાના રાષ્ટ્ર અને લોકોને પ્રેરક નેતૃત્વ પ્રદાન કર્યું. તેમણે જાહેર જીવનમાં ગરિમા અને શાલિનતાનો પરિચય આપ્યો. તેમના નિધનથી હું શોકગ્રસ્ત છું. તેમણે કહ્યું કે ૨૦૧૫ અને ૨૦૧૮માં મારા યુકે પ્રવાસ દરમિયાન મહામહિમ મહારાણી એલિઝાબેથ દ્વિતિય સાથે મારી યાદગાર બેઠકો થઈ હતી. એક બેઠકમાં તેમણે મને તેમના લગ્ન દરમિયાન મહાત્મા ગાંધીએ ભેટમાં આપેલો રૂમાલ દેખાડ્યો હતો. મહારાણી એલિઝાબેથે ૭૦ વર્ષ સુધી શાસન કર્યું.

તેમના શાસનકાળમાં બ્રિટનને ૧૫ પ્રધાનમંત્રી મળ્યા. મહારાણી એલિઝાબેથ દ્વિતિયના નિધન બાદ હવે તેમના મોટા પુત્ર ચાર્લ્સ બ્રિટનના નવા રાજા બન્યા છે. એલિઝાબેથ દ્વિતિય માત્ર બ્રિટનના જ નહીં પરંતુ અન્ય ૧૪ દેશના પણ મહારાણી હતા. શાહી પરિવારના જણાવ્યાં મુજબ મહારાણી ઈર્જ્ઝ્રેઝ્ર ર્દ્ધૈઈઁ ની સમસ્યાથી પીડાતા હતા. જેમાં તેમને ઊભા થવામાં અને ચાલવામાં પરેશાની થતી હતી. મહારાણી એલિઝાબેથ દ્વિતિયને આ વર્ષે ફેબ્રુઆરીમાં કોરોના પણ થયો હતો. ગુરુવારે તેમની તબિયત બગડી હતી. ત્યારબાદ તેઓ ડોક્ટરની નિગરાણી હેઠળ હતા.

૧૯૪૭માં એલિઝાબેથ દ્વિતિયએ એડિનબર્ગના ડ્યૂક ફિલિપ સાથે લગ્ન કર્યા હતા. ડેનમાર્ક અને ગ્રીસના રાજકુમાર પ્રિન્સ ફિલિપનો જન્મ ૧૯૨૧માં થયો હતો અને તેમણે દ્વિતિય વિશ્વ યુદ્ધમાં બ્રિટિશ રોયલ નેવીમાં સેવા આપી હતી. ૨૦૧૭માં તેઓ પોતાના શાહી કર્તવ્યોમાંથી સેવાનિવૃત્ત થયા. તેમનું નિધન ૨૦૨૧માં થયું હતું. બંનેના ચાર બાળકો થયા. ચાર્લ્સ, એની, એન્ડ્રયૂ અને એડવર્ડ. હવે તેમના મોટા પુત્ર ચાર્લ્સ (ઉંમર ૭૩ વર્ષ) બ્રિટનના રાજા બન્યા છે.

ટ્રાયલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપૂર્ણપણે સ્વદેશી ટેક્નોલોજી વડે બનેલી આ ટ્રેન ૧,૧૨૮ પેસેન્જરની ક્ષમતા ધરાવે છે અને ૧૬ કોચ ધરાવતી આ ટ્રેન સામાન્ય શતાબ્દી ટ્રેનની સરખામણીએ ઓછો સમય લેશે. ટ્રેનની મધ્યમાં બે ઉચ્ચ વર્ગના કમ્પાર્ટમેન્ટ હશે અને પ્રત્યેકમાં ૫૨ સીટ હશે. જ્યારે સામાન્ય કોચમાં ૭૮ સીટ હશે.

વંદે ભારત એક્સપ્રેસમાં જીપીએસ, અલગ પ્રકારની લાઈટ, ઓટોમેટિક દરવાજા, વાઈફાઈ, એસી, વ્યક્તિગત ચાર્જિંગ સોકેટ અને સીસીટીવીસહિતની સુવિધાઓ ઉપલબ્ધ હશે.